

# ૯. આત્મનિર્ભર ભારતની અભિલાષા

સી.એ. પી. કે. મોદી



પ્રત્યેક રાષ્ટ્રવાદી નાગરિકને પોતાનો દેશ આત્મનિર્ભર બને તેવી અભિલાષા હોય છે જેમાં ભારતનો કોઈ નાગરિક અપવાદ રહી શકે નહીં. આત્મનિર્ભર દેશ એટલે આર્થિક દૃષ્ટિએ સાધન-સંપન્ન દેશ. એ ભારત સિવાય અન્ય દેશોની વિચારસરણીને અનુરૂપ અર્થઘટન હોઈ શકે. પરંતુ ભારતદેશની આત્મનિર્ભરતાની વ્યાખ્યા અલગ હોઈ શકે. પ્રત્યેક રાષ્ટ્રની ઓળખ તેની સભ્યતા, સંસ્કૃતિ, મૂલ્યો, વિચારધારા અને રાજય વ્યવસ્થાના આધારે હોય છે. ભારતની ઓળખ માત્ર ભૌગોલિક કે આર્થિકતાના માપદંડને આધારે પ્રસ્થાપિત નથી પરંતુ ભારતદેશની ઓળખ સમગ્ર વિશ્વને આધ્યાત્મના આવિષ્કારને આભારી છે. માટે આપણે આત્મનિર્ભર ભારત એવા શબ્દ વાપરીએ છીએ. જ્યારે અન્ય વ્યવસ્થાઓમાં, સ્વનિર્ભર, શબ્દ એટલે કે "self Reliant" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.


આત્મનિર્ભરની પરિભાષા એ આર્થિક સમસ્યા અને સમાધાન સુધી સિમિત રાખવું એ સંકુચિત વ્યાખ્યામાં ગણી શકાય. આત્મનિર્ભર ભારત એટલે મૂડી સંચય - ઉત્પાદન-ઔદ્યોગિક સાહસિકતા-માળાખાકીય સુવિધા-સ્વરોજગારી-ખાનગીકરણ-સંશોધન નીતિ જેવા અન્ય આનુસાંગિક વિષયો ઉપરાંત રાષ્ટ્ર સાર્વભૌમત્ત્વ-સાંસ્કૃતિક રક્ષણ તેમજ સમાજજીવનની પદ્ધતિ જેવાનો સમાવેશ. માત્ર વૈયક્તિક સમૃદ્ધિ, માળખાકીય વિકાસ, સ્વાસ્થ્ય વ્યવસ્થાની સગવડતા કે પ્રગતિશીલ શૈક્ષણિક પદ્ધતિનો વિચાર એ આત્મનિર્ભર ભારતનો હિસ્સો હોઈ શકે પરંતુ માત્ર આ આયામોનું અમલીકરણ એટલે આત્મનિર્ભર ભારત ગણી શકાય નહીં.



આત્મનિર્ભર ભારતનો વિકાસ એ પ્રતિભાશાળી પૂર્વજોના જ્ઞાનના સંચયસમા વેદ-જેનો કોઈ આદી કે અંત નથી - આધારિત થાય તો આપણી સમાજ રચના - કૌટુંબિક રચના અને અર્થવ્યવસ્થાને સ્થાયી સ્વરૂપ મળી શકે જે માનવ કેન્દ્રિત પશુ, પક્ષી, વનસ્પતિ તેમજ પર્યાવરણ અનુલક્ષી હોઈ શકે. આમ આત્મનિર્ભર ભારત બનાવવા માટે વિકાસના અનેક માડેલની નકલ કરવી વ્યર્થ છે. અન્ય રાષ્ટ્રનો વિકાસ

એ મુખ્યત્વે આર્થિક વિકાસ છે અને તે સમાજવાદ, મૂડીવાદની સાથે લોકશાહી કે સરમુખત્યારશાહી જેવા સંયોજન દ્વારા કરવામાં આવેલ છે. આ વિકાસની દૂરગામી અસરોનું પરિણામ ત્યાંની સામાજિક વ્યવસ્થા ભોગવી રહ્યું છે. પ્રત્યેક વ્યવસ્થાનો આધાર ભૌગોલિક-રાજકીય, ભૌગોલિક-આર્થિક કે ભૌગોલિક સામજિક પરિબળોની અસરકારતા ઉપર નિર્ધારિત છે.


**મૂડીવાદ દ્વારા આર્થિક વિકાસ :**




આર્થિક વિકાસ કરવા માટે મૂડી અતિઆવશ્યક ઘટક છે. મૂડી અને તેના સંચય વગર આર્થિક વિકાસ અશક્ય છે. પરંતુ મૂડીવાદ એ મૂડીને પ્રાધાન્ય આપીને અન્ય આવશ્યકતાઓને ગૌણ ગણે છે ત્યારે તે મૂડીવાદ સમાજજીવનની રચના માટે પડકારરૂપ બને છે. મૂડીવાદનાં ઉદાહરણોમાં પશ્ચિમના દેશો મોખરે છે. જેમ કે અમેરિકા, યુકે, જર્મની, ફ્રાન્સ વગેરે. આ બધા દેશોને આપણે વિકસિત દેશ તરીકે ઓળખીએ છીએ. અમેરિકાના મૂડીવાદની વાત કરીએ તો ત્યાં ખાનગીકરણનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. મનને ગમતા અને ભૌતિક જીવનશૈલીને અનુરૂપ મોટાભાગનાં માપદંડો હકારાત્મક જોવા મળે છે. તેનો અર્થ થયો કે મૂડીવાદ-ખાનગીકરણ અને લોકશાહી રાજકીય વ્યવસ્થા એ આર્થિક વિકાસ ને અનુરૂપ છે પરંતુ તેની બીજી બાજુની છાપને કેટલાંક સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી કે રાજકીય પ્રતિભા અવગણે છે અથવા તો તેને પર્યાપ્ત મહત્ત્વ આપતા નથી.

આજ આર્થિક વિકાસ વિશ્વની આંખોને આંજી દે છે. ત્યાંની શિક્ષણ વ્યવસ્થા, સ્વાસ્થ્ય સગવડ, જીવનશૈલી અને આર્થિક ઉપાર્જનની સગવડતા વિશ્વને આકર્ષિત કરે છે. પરંતુ ત્યાંની ગરીબી, બેરોજગારી, સામાજિક અવ્યવસ્થાની અવગણના કરવામાં આવે છે. અમેરિકાની કુલ વસ્તી આશરે ૩૨ કરોડ છે જેમાં ૪-૬ % દરિદ્ર પ્રજા છે. અમેરીકામાં પણ બેરોજગારી છે જે આશરે ૬-૮ % છે. ત્યાંની સામાજિક અવ્યવસ્થા એ કૌટુંબિક જીવન પ્રત્યેની દુર્લક્ષતાનું પરિણામ છે. ત્યાં લગ્ન એ કરાર આધારિત જીવન જીવવાની શૈલી છે જેને કારણે પ્રથમ લગ્નમાં ૫૦% બીજા લગ્નમાં ૬૬% અને ત્રીજા લગ્નમાં ૭૫% લગ્નવિચ્છેદના ભોગ બને છે. ત્યાં પરિવારપ્રથાને સ્થાને સરકારી વ્યવસ્થાનો પ્રભાવ છે. વૃદ્ધાવસ્થા સમયે સરકારી વ્યવસ્થાનો લાભ લેવા તરફની આકાંક્ષા વધુ જોવા મળે છે. સંતાનને તેના વડીલો ભારરૂપ દેખાય છે અને સંતાન જ્યારે વૃદ્ધાવસ્થામાં પહોંચે ત્યારે તેના બાળકો તેને ભારરૂપ માને છે. આ બધી વ્યવસ્થાને કારણે 'ડેડી ડે' અને 'મમ્મી ડે'નું પ્રચલન જોવા મળે છે. પ્રખર અર્થશાસ્ત્રી મિલ્ટન ફ્રિડમેને એક વખત એવું કહ્યું હતું કે ''જ્યારે સંતાન તેના માતાપિતા ને સ્વૈચ્છિક રીતે સહાય આપવાનું બંધ કરે ત્યારે કૌટુંબિક મૂલ્યોનો હ્રાસ થાય છે.''

આથી ક્યારેક આપણને એવું લાગે કે મૂડીવાદના અનિષ્ઠો પણ ઘણાં છે. મૂડીવાદ એ વ્યક્તિ કેન્દ્રિત વ્યવસ્થા છે જ્યાં સંબંધો વગરનો વ્યક્તિવાદ અને ફરજ વગરના અધિકારની બાબતોને પ્રાધાન્ય આપવામાં આવે છે. એટલે જ તો માનવ અધિકારનાં નામનું ભૂત પશ્ચિમના વિકસિત



દેશોનાં માનસમાં સવાર થયેલું જોવાં મળે છે. પશ્ચિમના દેશોના વિકાસમાં મૂડીનો ફાળો ઘણો મોટો ગણી શકાય પરંતુ વૈજ્ઞાનિક આવિષ્કાર, શૈક્ષણિક પદ્ધતિનો વિકાસ અને વ્યવસ્થાતંત્રની કાર્યશૈલી વગેરેએ પણ મુખ્ય ભૂમિકા ભજવેલ છે. સાથે સાથે પરમાણું શસ્ત્રોનું ઉત્પાદન અને વિશ્વવ્યાપી રાજકીય ઉથલપાથલે પણ ઉત્પ્રેરક તરીકેનું કાર્ય કરેલ છે. પશ્ચિમના દેશો દ્વારા સંરક્ષણ શસ્ત્રોનું ઉત્પાદન અને વિશ્વવ્યાપી વેચાણ તેમના આર્થિક વિકાસના કાર્યોમાં સહભાગી થયેલ છે.




ખાસ કરીને અમેરિકાનો મૂડીવાદ. વિશ્વવ્યાપાર ઉપર પોતાનું વર્ચસ્વ જમાવી રાખવા માટે World Bank, UN અને IMF જેવી સંસ્થાઓનું નિર્માણ કરેલ છે. આ ત્રણ વૈશ્વિક સંસ્થા પણ તટસ્થ રીતે કાર્ય કરતી જણાતી નથી. અમેરિકા પણ જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ભૌગોલિક-રાજકીય વ્યવસ્થાનો લાભ લઈ પોતાના વેપારતંત્રને વેગવંતુ રાખે છે. જેનું ઉદાહરણ આપણને ચીનના આર્થિક વિકાસ સ્વરૂપે દેખાય છે. અમેરિકા પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા અને જે તે સમયના સોવિયત સંઘને કાબૂમાં લેવા માટે ચીન સાથેના રાજકીય તેમજ આર્થિક વ્યવહારોની મોટી ભરમાર ઊભી કરી દીધી હતી. જે તેને માટે અત્યારે ભસ્માસુરનું રૂપ ધારણ કરેલ છે. ચીનને સોવિયતસંઘથી દૂર રાખી પોતે ૧૯૭૧માં રાજકીય સંબંધો બાંધવાની શરૂઆત કરી. ત્યારબાદ તાલીવાનને સ્થાને ચીનને બેસાડી યુ.એન. સિક્યુરિટી કાઉન્સિલમાં સ્થાન અપાવ્યું. રાજકીય સંબંધોની શરૂઆતમાં રાષ્ટ્રપતિ નિક્સને ૧૯૭૨માં ચીનની મુલાકાત કરી જ્યારે ૧૯૭૯માં ચીનના વાઈસ પ્રિમિયર ડેન્ગ જીઓપીંગે અમેરિકાની મુલાકાત લીધી. ૧૯૮૪માં પ્રમુખ રેગન દ્વારા ચીનની મુલાકાત ગોઠવાઈ, ત્યારબાદ ૧૯૯૩માં પ્રમુખ બિલક્લિન્ટ દ્વારા પરસ્પર ઉપયોગી થાય તેવી નીતિ ઉપર સહી-સિક્કા કરવામાં આવ્યા. વર્ષ ૨૦૦૦ની સાલમાં ચીનને ખુલ્લા બજારની નીતિ હસ્તક WHOમાં સ્થાન આપવામાં આવ્યું. આ પ્રોત્સાહક નીતિને કારણે ૨૦૦૮ના વર્ષમાં ચીન દ્વારા અમેરિકાની વિવિધ જામીનગીરીઓમાં રોકાણ કરી અમેરિકાને પોતાના પ્રભાવમાં લાવવાનો પહેલો પ્રયત્ન થયો.




આ રીતે અમેરિકાની સહાયથી ચીન વિશ્વની બીજા નંબરની અર્થવ્યવસ્થા વર્ષ ૨૦૧૦માં બની ગઈ. અમેરિકા દ્વારા પોતાની મુક્ત વ્યાપાર નીતિથી ચીનને પોતાના પ્રભાવમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. તેને જરૂરી મૂડી સાધનો, ટૅક્નૉલૉજી તેમજ મુક્તબજાર માટે સંપૂર્ણ સહાય કરી જે આજે તેના માટે પડકારરૂપ સાબિત થઈ છે. અમેરિકાની ભૂલ અક્ષમ્ય છે. પરંતુ મૂડીવાદના નશામાં આ ભૂલને બેધ્યાન કરવામાં આવી છે. જ્યારે ૧૯૯૩માં સોવિયત સંઘનું વિઘટન થયું એટલે કે અમેરિકા માટે દુશ્મનનું અસ્તિત્વ મટી ગયું. ત્યાર બાદ પણ ચીન સાથેના સંબંધોનો વિકાસ ચાલુ રાખ્યો અને તમામ સહાયતા કરી જે મૂડીવાદને પોષી રહી હતી. આ પરંપરા પ્રમુખ ઓબામાના શાસનકાળમાં ચાલુ રાખવી પડી હતી. આમ ચીનની અર્થવ્યવસ્થાના વિકાસની મુખ્યભૂમિકા અમેરિકા દ્વારા જ ભજવવામાં આવી હતી. માટે આર્થિક રીતે આત્મનિર્ભર ચીન તેની સરમુખત્યારશાહી અને ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિના લાભને આભારી છે જે તેની પ્રજા કે ઉદ્યમને ઓછી આભારી છે.

બીજું ઉદાહરણ અમેરિકાની આર્થિક નીતિના લાભકર્તા તરીકે વિયેટનામ, જાપાન અને સાઉથ કોરીયાને ગણી શકાય. પરંતુ આ અર્થવ્યવસ્થાના વિકાસની પાછળ પોતાની પ્રજાનું ઘણું બધું અહિત થયેલ છે તે જોવાનો સમય જે તે રાષ્ટ્રના રાજકારણી કે શાસકને રહ્યો નથી. કોરીયા ભીષણયુદ્ધનું પરિણામ આજે પણ વિશ્વ ભોગવી રહ્યું છે અને સંરક્ષણના સાધનોનો વેપાર પણ થઈ રહ્યો છે. વિયેતનામ યુદ્ધના ભણકારા, ત્યારબાદના ખાડી યુદ્ધ સુધી સંભળાતા રહ્યા હતા.




વર્ષ ૨૦૨૦માં અમેરિકાની જીડીપી એટલે કે કુલ સ્થાનિક ઉત્પાદન આશરે ૨૦.૮૯ ટ્રીલીયન ડૉલર છે જે વિશ્વના પ્રથમ નંબરે આવે છે. તેનું કુલ દેવું જીડીપી-૧૩૩% છે જ્યારે રાષ્ટ્રીય બચત જીડીપીના ૧૮% છે. અને વેપારી ખાધ જીડીપીના ૩.૧૨% છે એટલે કે આયાત કરતા નિકાસ ઓછી છે. વિવિધ આંકડાના અભ્યાસથી અને વાસ્તવિક પરિસ્થિતિના તારણથી એવું ફલિત થાય છે કે મૂડીવાદી અર્થવ્યવસ્થા સ્વનિર્ભર અર્થવ્યવસ્થા બની શકે પરંતુ જ્યાં રાષ્ટ્રીય ધરોહર સંસ્કૃતિ આધારિત હોય ત્યાં તેનો ઉપયોગ મર્યાદિત અને ઉચિત રીતે કરવો જરૂરી બની જાય છે. જેમ કે ખુલ્લાં મેદાન ઉપર મકાનનું નિર્માણ તમારી જરૂરિયાત અને ઈચ્છા પ્રમાણે સંસાધનો આધારિત કરી શકાય પરંતુ જે સ્થળ ઉપર મકાન બાંધકામનો હિસ્સો હોય અથવા તેને ધ્યાનમાં રાખીને નવું બાંધકામ કરવાનું હોય ત્યારે પ્રયાસોને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. ભારત જેવા લોકતાંત્રિક દેશમાં આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થાનું અમલીકરણ પડકારરૂપ બની જાય છે. પરંતુ જ્યાં સરમુખત્યારશાહી હોય ત્યાં સમાજવાદને મૂડીવાદના પાયજામા પહેરાવી વિકાસની દોટ મૂકવી સહેલી હોય છે.

**સમાજવાદ-સામ્યવાદની અર્થવ્યવસ્થા :**


આત્મનિર્ભર રાષ્ટ્ર માટે મૂડીવાદી અર્થવ્યવસ્થા ઉપરાંત અન્ય બે અર્થવ્યવસ્થા સ્વરૂપ પણ આપણને જોવા મળે છે. જેનું આપણે સમાજવાદ અને સામ્યવાદ અર્થવ્યવસ્થા તરીકે ઓળખીએ છીએ. મૂડીવાદ એટલે ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી વ્યક્તિ પાસે હોય છે, જ્યારે સમાજવાદ અર્થવ્યવસ્થામાં સરકાર હસ્તક અથવા કાર્ય કરનાર વ્યક્તિના સમૂહ પાસે હોય છે. પરંતુ આ વ્યવસ્થામાં બધા જ સાધનો સરકાર હસ્તક હોવા જરૂરી બનતા નથી પરંતુ ખાનગી માલિક હસ્તક રહેલા ઉત્પાદનના સાધનોનો ઉપયોગ વ્યક્તિગત ધોરણે મર્યાદિત માત્રામાં થાય તેવી કાયદાકીય જોગવાઈઓથી નિયંત્રિત કરવામાં આવે છે. આમ સમાજવાદમાં સરકાર અને ખાનગી બંને માલિકી દ્વારા ઉત્પાદનના સાધનોનું નિયમન-નિયંત્રણ કરવામાં આવે છે. જ્યારે સામ્યવાદ એ સમાજવાદ અર્થવ્યવસ્થાનું ક્રાંતિકારી સ્વરૂપ છે એટલે સમાજમાં આર્થિક સમાનતા ઝડપથી લાવવા ઉત્પાદનના તમામ સાધનો સરકાર હસ્તગત કરી અને જરૂરિયાતમંદ લોકોની વચ્ચે વહેંચણી કરવામાં આવે છે. સામ્યવાદના સિદ્ધાંત મુજબ મૂડીવાદને જરાપણ સ્થાન આપવાની હિમાયત કરવામાં આવતી નથી.

સમાજવાદના પ્રખર હિમાયતી રોબર્ટ ઓવનના મતે સત્તા અને સંપત્તિના વિકેન્દ્રીયકરણને સ્વભાવિકરૂપે સ્થાપિત કરવાના સિદ્ધાંતોને મહત્ત્વ આપતા જણાય છે. જ્યારે સામ્યવાદના પ્રખર હિમાયતી કાર્લ માકર્સ અને ઈંગલ્સ એ ક્રાંતિકારી પગલા લઈ ખાનગી ધોરણે માલિકી ધરાવતા ઉત્પાદનના સાધનોને સરકાર હસ્તગત કરી અને નિયંત્રણમાં લેવાની ભલામણ કરે છે.

સમાજવાદી અર્થવ્યવસ્થાના સિદ્ધાંતોની અસર, ફ્રાન્સ, યુકે, ડેન્માર્ક, ફિનલેન્ડ, નોર્વે તેમજ સ્વિડન જેવા દેશોની આર્થિકનીતિનાં ઘડતર અને અમલીકરણમાં જોવા મળે છે. જેમાં મૂડીવાદી ઉપરાંત સરકાર હસ્તગત ઉત્પાદનના સાધનોની માલિકી જોવા મળે છે. આ દેશની અંદર મજૂર કાયદા, કામના કલાકો, કાર્યસ્થળની સુવિધાના વિવિધ કાયદાઓ સમાજવાદી અર્થવ્યવસ્થાના ભાગરૂપે જોવા મળે છે. આ સમાજવાદના સિદ્ધાંત આધારિત "નોર્ડિક મોડેલ"નો વિકાસ અને અમલીકરણ જે તે રાષ્ટ્રની ઓળખ બની ગયેલ છે. જ્યાં કરવેરા દ્વારા નાગરિક રાષ્ટ્રીયકોષ અથવા રાષ્ટ્રીય




બજેટમાં ફાળો આપે છે. જેમ કે કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)ના આશરે ડેન્માર્ક ૪૬%, નોર્વે ૩૯% અને સ્વિડન ૪૩% ફાળો કરવેરા દ્વારા ચૂકવે છે. જે અમેરિકામાં જીડીપીના ૨૪% ચૂકવવામાં આવે છે. તેવી જ રીતે વ્યક્તિગત આવક ઉપર ડેન્માર્કમાં ૫૫%, નોર્વેમાં ૪૬% અને સ્વિડનમાં ૫૭% વસૂલ કરવામાં આવે છે. આ કરવેરાના ભારણથી એકત્રિત કરેલા નાણા શિક્ષણ, સ્વાસ્થ્ય સામાજિક સુરક્ષા વગેરેમાં વાપરવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે આ આર્થિક વ્યવસ્થાનો વિકાસ ૧૮મી સદી પછી થયેલ ઔદ્યોગિક ક્રાંતિના કારણે થયેલ મૂડીના ધ્રુવીકરણને નાબૂદ કરવાની અર્થવ્યવસ્થા તરીકે વિકાસ થયેલ છે માટે તેમાં માત્ર વૈયક્તિક સંચિત સંપત્તિના વિકેન્દ્રિયકરણના સિદ્ધાંતો સિવાય વધારે માત્ર આર્થિક સમાનતાનો વિચાર વધારે કરવામાં આવેલ છે. આ સિદ્ધાંતોને માનવ-પશુ-પર્યાવરણનું ઉદ્દભવસ્થાન અને આધ્યાત્મિકતા સાથે બહુ ઓછો સંબંધ છે, હા, જ્યાં માનવને અસુવિધા મળે અથવા જ્ઞાન અને સુખના સાધનોનો અભાવ જોવા મળે ત્યારે સમાજવાદના સિદ્ધાંતોમાં કે આર્થિક નીતિમાં ફેરફાર જરૂર કરેલ છે. પરંતુ વિશ્વકલ્યાણ, માનવકલ્યાણ અને આધ્યાત્મિકતાનો સંદતર અભાવ જોવા મળે છે.




આની સામે સામ્યવાદ એ સમાજવાદનું ઉગ્રસ્વરૂપ છે. જેમાં ઉત્પાદનના સાધનો સત્તાના નિયંત્રણમાં મૂકીને સામાજિક-આર્થિક સમાનતા લાવવાની વ્યવસ્થાની હિમાયત કરવામાં આવી છે. જેમાં મૂડીવાદી અર્થવ્યવસ્થાને જરાપણ સ્થાન આપવામાં આવતું નથી. માટે આ વ્યવસ્થામાં પણ રાજકીય અને આર્થિક બાબતોનો વિચાર સિવાય કૌટુંબિક ભાવના, માનવ સંવેદના કે સામાજિક રચનાનો કોઈ વિચાર જોવા મળતો નથી. માત્ર કોઈપણ પ્રકારના વર્ગ વિહોણા આર્થિક સમાજ રચનાનો જ વિચાર જોવા મળે છે. હાલમાં આ વિચારધારા તેના બદલાયેલા સ્વરૂપમાં ચીન, કયુબા, ઉત્તર કોરીઆ, લાઓસ અને વિયેતનામમાં જોવા મળે છે.

ઉપર્યુક્ત પાંચ દેશમાં ચીન એ સાંસ્કૃતિક વારસો ધરાવતી અર્થવ્યવસ્થા સાથે સામ્યવાદનું પ્રખર હિમાયતી છે. મૂળ ચીન દેશમાં કન્ફ્યુશિયસની માનવતાવાદી-પરોપકારી, સામાજિક તેમજ કૌટુંબિક વ્યવસ્થા જોવા મળે છે. પરંતુ હાલમાં આ વ્યવસ્થાને પ્રાધાન્ય આપવાને બદલે કાર્લ માર્ક્સની સામ્યવાદ પ્રથાએ આર્થિક નીતિનું ઘડતર કરેલ છે અને તેના આધારિત અર્થવ્યવસ્થાનો વિકાસ જોવા મળે છે. આ

ઉપરાંત વર્તમાન સમયમાં સામ્યવાદ સાથે સરમુખત્યાર મૂડીવાદનું મિશ્રણ સમગ્ર વિશ્વને ભયભીત કરી રહ્યું છે તેમજ માનવતા માટે પડકારરૂપ બની રહ્યું છે. છેલ્લા ૭૨ વર્ષમાં માત્ર પાંચ શાસક સમગ્ર રાજકીય-આર્થિક વ્યવસ્થાનું સંચાલન કરે છે. જેમ કે ૧૯૪૯-૧૯૭૪ (૨૪ વર્ષ) માઓ, ૧૯૭૪-૧૯૮૯ (૧૫ વર્ષ) ડેંગ જીયોપિંગ, ૧૯૯૧-૨૦૦૪ (૧૩ વર્ષ) જીઆંગ જેમીન, ૨૦૦૪ - ૨૦૧૩ (૯ વર્ષ) હયુજીનતાઓ અને ૨૦૧૩ - વર્તમાન ૨૦૨૧- શી. જીનપિંગ ચીનની આર્થિક સમૃદ્ધિ અને વિકાસ અપારદર્શક છે. સરમુખત્યારશાહીને કારણે ચીન વિશેની પર્યાપ્ત માહિતી વિશ્વના પત્રકારો, ઉદ્યોગપતિ, સરકાર કે અન્ય સંસ્થાઓ પાસે નથી. ચીન તેની આક્રમક અને વિસ્તારવાદી નીતિએ બહારના દેશો સાથેના વર્તનમાં વિચરી રહ્યું છે જ્યારે આંતરિક નીતિ અતિશય દમનકારી અને માનવતા વિરુદ્ધ હોય તેવું લાગી રહ્યું છે. તેના આત્મનિર્ભર-સ્વનિર્ભર વ્યવસ્થા બાબતની ચર્ચા અસ્થાને ગણાય, કારણ કે તેના નીતિગત નિર્ણયો કે આંકડાકીય માહિતી (જે દ્વિપક્ષીય ન હોય) તેની વિશ્વનિયતા પડકારરૂપ છે. ચીન પોતાના ઉદ્દેશને પૂર્ણ કરવાની દિશામાં યોજનો આગળ નીકળી ગયો છે. આજે લગભગ ૬૦ લાખ ચીની અમેરિકાનું નાગરિકત્વ ધરાવે છે. આશરે ૫ લાખ વિદ્યાર્થી અમેરિકન કૉલેજ અને સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૧ના આંકડા મુજબ ચીન અમેરિકાની ૧૦૪૭ બિલીયન ડૉલર્સની ગવર્નમેન્ટ સિક્યોરિટીમાં રોકાણ કરેલ છે, તેમજ વિશ્વની બીજા નંબરની આર્થિક વ્યવસ્થા તરીકે પ્રસ્થાપિત થયેલ છે જેની જીડીપી વર્ષ ૨૦૨૦ માં ૧૪.૮૬ ટ્રિલિયન ડોલર્સ જે અમેરિકાની ૨૦.૮૯ ટ્રિલિયન ડૉલર્સ પછી આવે છે. તેનું બાહ્ય દેવું જીડીપીના ૬૯% બચત ૪૫% વેપારી બાકી જમા ૨.૪૯% એટલે કે આયાત કરતા નિકાસ વધારે છે. તેનું વિદેશી હુંડિયામણ અનામત ૩.૪૨ ટ્રિલિયન ડોલર્સ છે જેની સામે ભારતનો આંકડો ૦.૬૩ ટ્રિલિયન ડોલર્સ છે. આ આર્થિક વ્યવસ્થામાં ચીનની ૧% વસ્તી તેની ૩૧% સંપત્તિ ધરાવે છે તેની સામે અમેરિકામાં ૧% વસ્તી તેના દેશની ૩૫% સંપત્તિ ધરાવે છે.આમ સામ્યવાદી-સરમુખત્યાર મુડીવાદી વ્યવસ્થામાં દેશની ધનસંપત્તિનું કેન્દ્રિયકરણ સરખું જોવા મળે છે.






ચીનની અપારદર્શક અર્થવ્યવસ્થામાં ત્યાંના ઉદ્યોગપતિને દમનકારી નીતિ સામે કાંઈપણ અંગુલી નિર્દેશ વગર કાર્ય કરવું પડે છે જેનું ઉદાહરણ ''અલીબાબા''ની ઘટના દર્શાવે છે. હાલમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં નાદારી તરફ જઈ રહેલ ''એવરગ્રેન્ડ'' કંપની મોટા આર્થિક સંકટમાંથી પસાર થઈ રહેલ છે. આવી જ ઘટના અમેરિકામાં ૨૦૦૮માં ''લેહમેન બ્રધર્સ'' સાથે બની હતી જેનું પરિણામ વિશ્વની આર્થિક વ્યવસ્થાએ ભોગવ્યુ હતું. અમેરિકા એ આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ''ડોલર્સ પ્રિંટીંગ'' એટલે કે ''Quantity Easing''નો આધાર લીધો હતો જે આજે પણ સુચારુ રૂપે નાણાકીય મૂલ્યનાં સમર્થન વગર ચાલી રહ્યો છે.

આથી એવા તારણ ઉપર આવી શકાય કે મૂડીવાદી, સમાજવાદી કે સામ્યવાદી અર્થવ્યવસ્થાનું આંધણું અનુકરણ ખૂબ જ જોખમી હોઈ શકે છે. કોઈપણ અર્થવ્યવસ્થા સર્વત્ર અનુરૂપ ન હોઈ શકે. દરેક અર્થવ્યવસ્થા સમય અને સ્થળ અનુરૂપ યોગ્ય હોઈ શકે. માટે તેની ટીકા કે સરખામણી માત્ર તુલનાત્મક અભ્યાસ માટે યોગ્ય છે પરંતુ મૂળભૂત રૂપે અયોગ્ય છે તે કહેવું જરા ભૂલ ભરેલું ગણાય.

**આત્મનિર્ભર ભારત :**

ભારતનો ઇતિહાસ અને સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે. ભારત રાષ્ટ્રની પોતાની ઓળખ છે. તેનાં પોતાના જીવનમૂલ્યો અને જીવનદર્શન છે. માટે આત્મનિર્ભર ભારતની વાત માત્ર આર્થિક વ્યવસ્થા પુરતી સિમિત રાખવી યોગ્ય નથી. આર્થિક વ્યવસ્થાનો વિચાર એ સાંસ્કૃતિક વારસાને જાળવવા તેમજ કૌટુંબિક વ્યવસ્થાને વિસ્તાર કરવામાં સહાયરૂપ થાય તે જરૂરી છે. જેમ કે ભારતમાં સામાજિક સલામતીની યોજનાને પ્રોત્સાહન જરૂરિયાત મૂજબ આપવું જોઈએ પરંતુ વિદેશની અર્થવ્યવસ્થાની નકલ કરીને અમલીકરણ ભૂલભરેલું છે. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ઉપભોક્તાવાદ અને બચતને ઓછું મહત્ત્વ અપનાવવાની પ્રથા ભારત માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આ ઉદાહરણ જણાવવાનું કારણ એટલું જ છે કે ભારત દેશનો રંગપટલ રંગાયેલો છે તેમાં અભિનવ વિચારોને હંમેશાં સ્થાન આપવામાં આવે છે પરંતુ જૂના કલાચિત્રો-પાત્રોને નવીનતમ આભૂષણો પહેરાવવા એટલા સહેલા નથી કે જે તમે કાંઈ પહેરેલું ન હોય તેવા વ્યક્તિને પહેરાવી શકો.




આપણે આત્મનિર્ભર ભારત એટલે આર્થિક વિકાસ, ઔદ્યોગિક વિકાસ, નવીનતમ, સંશોધન, વ્યક્તિગત વિકાસ, સામાજિક માળખાને યોગ્ય સ્વરૂપ આપીને પરિવર્તન કરવું, માળખાગત સુવિધાનો વિકાસ, સ્વાસ્થ અને શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ, સાર્વભૌમત્વનું સંરક્ષણ, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાની જાળવણી અને બંધારણનાં લોકતાંત્રિક મૂલ્યોનું જતન. આથી ભારતની આત્મનિર્ભર અભિલાષા માત્ર આર્થિક વિકાસને આંબી જાય તેવી હોય તેમ કહેવું ભૂલ ભરેલ હોઈ શકે. ભારતની સ્વતંત્રતા સાથે સમાજવાદની આર્થિકનીતિનો ઉદય એ ખામીયુક્ત છે કે નહીં તે વિચારવાની બદલે આ સમાજવાદના સિદ્ધાંતોને આધારે રાજ્યસત્તા કેન્દ્રિત એકમો કે વ્યવસ્થા હાલની વર્તમાન જરૂરિયાતને પૂર્ણ કરવા કેવી રીતે ઉપયોગી થઈ શકે તે વિચારવાનો છે. એટલે કે ખાનગીકરણ અથવા તે જ વ્યવસ્થા અને એકમોને સમાજ ઉપયોગી કેવી રીતે બનાવી શકાય તે સમજી અને અમલીકરણ કરવાનો છે.

દેશ અને સરકાર એ ખાનગી માલિકીની પેઢીની માફક ચલાવી ન શકાય. પરંતુ સરકારી નીતિ રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખી મુક્ત વ્યાપાર, સ્પર્ધાત્મક હરિફાઈ અને વિદેશી રોકાણ યોજનાનું અમલીકરણ અત્યંત જરૂરી છે. આત્મનિર્ભર ભારત એટલે સ્વદેશી ઉદ્યોગોનો વિકાસ અને વિદેશી મૂડીને જાકારો ન હોઈ શકે. એ બાબત જરૂરી છે કે આપણો દેશ આર્થિક ગુલામ ન બને અને આપણા લોકતાંત્રિક નિર્ણયોમાં બહારની સંસ્થા, સરકાર કે વ્યક્તિનો અંકુશ હોય. હાલમાં વડાપ્રધાનશ્રી દ્વારા ભારતની અર્થવ્યવસ્થા - જીડીપી ૫ ટ્રીલીયન ડૉલર ૨૦૨૫ સુધીમાં કરવાનું આહ્વાન કરેલ છે. આ સિવાય ચીનની અર્થવ્યવસ્થા અને તેની સાથેનો વેપાર ભારતની અર્થવ્યવસ્થાને નિયંત્રિત કરવા પ્રયત્ન કરી રહ્યો છે તેનો સામનો કેવી રીતે કરી શકાય તે સમજવું પણ જરૂરી છે. અર્થવ્યવસ્થાના નિષ્ણાતો કરતાં સામાન્ય નાગરિકના ઉપદેશ કે મંતવ્ય ને વધારે મહત્ત્વ આપવું તે ભૂલભરેલું છે. ચીન દ્વારા આપણા રાષ્ટ્રને સાર્વભૌમત્વ બાબતની અપ્રત્યક્ષ ધમકીઓ મળે ત્યારે



સામાન્ય નાગરિક ખૂબ જ ગુસ્સો વ્યક્ત કરે તે સ્વાભાવિક છે, પરંતુ તે ગુસ્સાને કારણે આપણી સરકાર રમકડાની આયાત બંધ કરી દે, તહેવારોમાં વપરાતો માલસામાન આયત કરવાનો બંધ કરી દે અથવા ઈલેક્ટ્રોનિક્સ માલ સામાન આયાત કરવાનું બંધ કરી દે આવું કહેવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા ચીનની અર્થવ્યવસ્થાને બહુ જ થોડી અસર પહોંચાડી શકીએ પરંતુ તેની વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર આ પ્રકારના નિર્ણય ભારત સરકાર માટે અત્મનિર્ભર ઉદ્યોગોને મોટું નુકસાન પહોંચાડી શકે છે માટે વૈકલ્પિક યોજનાનો નીતિગત અભ્યાસ એ સમાજના અર્થશાસ્ત્ર અને નાણાકીય નિષ્ણાતો દ્વારા કરવો જરૂરી બને છે.




ભારતનો કુલ સ્થાનિક ઉત્પાદન ૨૦૨૦ના વર્ષમાં ૨.૬૬ ટ્રિલિયન ડોલર્સ છે. ભારતનું બાહ્ય દેવું કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)ના ૯૧%, બચત ૨૯%, વેપાર ખાદ્ય ૦.૫૪% છે. વડાપ્રધાનશ્રીએ ૨.૬૬ ટ્રિલિયન ડોલર્સની GDPને ૫.૦૦ ટ્રિલિયન ડોલર્સ કરવાનું આહ્‌વાન આપેલ છે. એટલે કે હાલમાં જાપાન દેશની GDP ૫.૦૫ ટ્રિલિયન ડોલર્સની છે. જ્યારે તેનું બાહ્ય દેવું GDPના ૨૫૫% છે. પરંતુ વિદેશી મુદ્રા અનામત ૧.૪ ટ્રિલિયન ડોલર્સ છે. જે ભારતમાં ૬૩૧ બિલિયન ડોલર્સ છે. હાલમાં આપણા GDP કરતા જર્મની ૩.૮૪ ટ્રિલિયન ડોલર્સ, ફ્રાન્સ ૨.૬૨ ટ્રિલિયન ડોલર્સ અને યુકે ૨.૭૦ ટ્રિલીયન ડોલર્સ ધરાવે છે.

હવે કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) એટલે શું તે સમજવું જરૂરી બને અને તેના આધારે ભારત સરકાર હાલમાં અને ભવિષ્યની યોજનામાં શાં પરિવર્તનો લાવી રહી છે. તે સમજવાનો પ્રયત્ન કરીએ.

GDP = C + I + G + NX

C = Personal Consumption of Good and Service

I = Investment by Business enterprise for purchase of Capital Goods.

G = Government Spendings on Goods and Service

NX = Net of Exportsless Import

કુલ સ્થાનિક ઉત્પાદનની માપણી ત્રણ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે, જેમાં ઉપર દર્શાવેલ પદ્ધતિ સરળ અને અસરકારક જણાય છે. જે વસ્તુનું ઉત્પાદન થયું હોય અને સેવા અપાતી હોય તેની પ્રાપ્તિ માટે ખર્ચ કરવો પડતો હોય છે તેથી ઉપર જણાવેલી પદ્ધતિ એ કુલખર્ચની પદ્ધતિ તરીકે ઓળખાય છે. એટલે કે, ઉત્પાદિત માલ-સેવા માટે વ્યક્તિગત ધોરણે-સરકારી ધોરણે વ્યક્તિગત અને સરકાર દ્વારા તેનો પોતાના કે ધંધાકીય ઉદ્દેશથી થતો હોય છે તેના માટે ખર્ચ કરવામાં આવે છે; અને જે માલ-સેવા વિદેશમાં મોકલવામાં આવે છે; અન્ય માલ-સેવા વિદેશમાં ઉત્પાદન થઈ ભારતમાં આવે છે તેની આયાત કરવામાં આવે તે બંને વચ્ચેનો તફાવત એટલે ભારતના કુલ ખર્ચમાં વધારો કે ઘટાડો થાય છે. તેની બાકી જોડવાથી દેશની GDP ગણી શકાય છે.

હવે તેને બીજી રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. કુલ સ્થાનિક ઉત્પાદનને વધારવા માંગમાં વધારો કરી શકાય અથવા પુરવઠામાં વધારો કરી GDPમાં વધારો કરી શકાય. જેમ કે હાલમાં ૨૦૨૨-૨૩ના બજેટમાં ભારત સરકાર દ્વારા ૭.૫ લાખ કરોડ કેપિટલ ગુડ્‌સની ખરીદી કરવા માટે ફાળવણી કરેલ છે. એટલે કે સરકાર આ રકમ દ્વારા નાણાકીય પુરવઠો વધારશે અને તે ઉત્પાદક અને સેવા આપનાર એકમોને ખરીદી કરવા ચૂકવશે. તેની આગળ તે ઉત્પાદક તેના કાચામાલ માટે માંગ કરશે. આ રીતે અર્થવ્યવસ્થાનું ચક્ર પુરવઠાના માધ્યમથી ક્રિયાન્વિત થશે.

આ જ રીતે માળખાકીય સુવિધાના વિકાસ, શિક્ષણક્ષેત્રના વિકાસ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સુવિધા અને

સગવડતા માટે દરેક બજેટમાં ફાળવણી કરવામાં આવે છે. આ પ્રકારના વાર્ષિક બજેટને આવક અને જાવકના માપદંડો દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. વર્ષે ૨૦૨૨-૨૩માં કુલ અંદાજિત ખર્ચ ૩૯.૪૫ લાખ કરોડ અને અંદાજિત આવક ૨૨.૮૪ લાખ કરોડ એટલે કે ૧૬.૬૧ લાખ કરોડ ભારત સરકાર પ્રજા પાસેથી ઉછીના લઈને વિકાસના કાર્યો કરશે. આ ૧૬.૬૧ લાખ કરોડની ફિસ્કલ ડેફીસીટ નાણાકીય ખાદ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે ભારતના મર્યાદિત આવકનાં સાધનોને કારણે વિકાસની ગતિ ઝડપી બની શકતી નથી. પરંતુ મર્યાદિત ઉત્પાદનનાં સાધનો તેમજ આવકના સાધનો સિવાય આ બજેટમાં ભારતને આર્થિક સ્વનિર્ભર કરવાના ઘણા પ્રયત્નો થયા છે. જેમ કે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન (PLI)-૧૪ ક્ષેત્ર એ ભારતના નિકાસને પ્રોત્સાહિત કરી શકાય તેમ છે તેમજ મોટાં રોકાણ દ્વારા રોજગારીની તક ઊભી થઈ શકે તેમ છે. આ બજેટમાં તેના માટે ૧.૯૭ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે.






આ ઉપરાંત બજેટ ૨૦૨૨-૨૩માં રૂા. ૭૮૦૦૦ કરોડની ફાળવણી આત્મનિર્ભર ભારત યોજના હેઠળ કરવામાં આવી જેમાં મુખ્યત્વે સેમીકન્ડક્ટર અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ વસ્તુને મહત્ત્વ આપવામાં આવેલ છે. ભારતની ચીન સાથેના વેપારની ખાધ ૬૯ બિલિયન ડોલર્સ વર્ષ ૨૦૨૧માં જોવા મળી હતી. આ જ ખાધને ઓછી કરવા માટે હમણાં જ SBI દ્વારા એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં ભારત સરકારની PLI સ્કીમ દ્વારા ચીનની આયાત કેવી રીતે ઘટાડી શકાય અને ભારતના અર્થતંત્રમાં ૨૦ બિલિયન ડોલર્સથી GDP વધારી શકાય તેની માહિતી આપેલી છે.

આ સિવાય સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર ડ્રાફ્ટ MSME પોલીસી પ્રસિદ્ધ કરવામાં આવી છે જે ભારતના ઉદ્યોગમાં બહુ મહત્ત્વ ધરાવે છે. એક અંદાજ પ્રમાણે MSME ઉદ્યોગ ભારતની GDPમાં ૨૯% નો સિંહફાળો આપે છે. ભારતીય MSME ઉદ્યોગને યાંત્રિકીકરણ અને આવિષ્કારના સાધનોથી મજબૂત કરી શકાય. તેમજ બજેટની અંદર અને ખાનગી ધોરણે R&D ખર્ચમાં વધારો કરી ઉદ્યોગોની હરણફાળ મેળવી શકાય. નિયંત્રિત કાયદાને ધ્યાનમાં લઈને સરકારને તેના અંદાજપત્રની રચના કરવી પડતી હોય છે. જેમ કે Fiscal Responsibility and Budget Management, (FRBM) Act, ૨૦૦૩ એ સરકારને આવક-જાવક સાથે અંદાજપત્રીય નાણાકીય ખાધ ૩.૫% થી વધુ ન હોવી જોઈએ તેવા નિયંત્રણ લાદે છે.

આમ, અંદાજપત્રની પ્રક્રિયા ઘણી બધી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવતી હોય છે. વધારે પડતી ખાધ નાણાકીય ફુગાવો લાવી શકે તેમ જ દેશને દેવાના ડુંગર નીચે ધકેલી શકે છે. જે એક દિવસ નાદારીને આરે આવીને ઊભો રહે છે. જેમ કે પોર્ટુગલ, આયરલેન્ડ, ઈટલી, ગ્રીસ અને સ્પેનની આવી પરિસ્થિતિ થઈ હતી. જો બાહ્ય દેવું વધારીને પણ આત્મનિર્ભર ભારતની યોજનાને અતિઉત્સાહી બનાવીએ તો પણ ક્યારેક દક્ષિણપૂર્વ એશિયાના ઈન્ડોનેશિયા, મલેશીયા કે ફિલીપાઈન્સ જેવી સ્થિતિમાં ધકેલી શકે છે.

આથી, ભારત રાષ્ટ્રના સાર્વભૌમિક રક્ષણ સાથે, સાંસ્કૃતિક વિરાસતને ધ્યાનમાં રાખી સર્વાંગીણ વિકાસ થાય તે મુજબની અર્થવ્યવસ્થાનો વિકાસ થાય તે ખૂબ જરૂરી છે. માત્ર આર્થિક વિકાસ દેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિનું માપદંડ ગણી શકાય નહીં.

— લેખક આર્થિક ક્ષેત્રે નિષ્ણાત છે.